# ડૉ. અમૃત ઉપાધ્યાય સંપાદિત-અનૂદિત 'અભિનયદર્પણમ્' |

ડૉ. બહેચરભાઈ પટેલ

[**અભિનયદર્પણમ્** : ડૉ. અમૃત ઉપાધ્યાય, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧, પ્ર. આ. ૨૦૧૦, કિં. રૂ. ૩૫૦/-]

સંસ્કૃતના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન પ્રા. ડૉ. અમૃત ઉપાધ્યાય સાહિત્યસર્જન અધ્યાપન ઉપરાંત ભારતીય નાટ્યશાસ્ત્રના અધ્યયન-અધ્યાપનમાં પણ રમમાણ છે. એની ફલશ્રુતિ રૂપે તેમણે શ્રી નન્દિકેશ્વર-વિરચિત 'અભિનયદર્પણમ્' નામક નાટ્યશાસ્ત્રીય ગ્રંથને વિસ્તૃત પ્રસ્તાવના, મૂળે સંસ્કૃત પાઠ, સરળ ગુજરાતી ભાષાંતર તથા વિવરણાત્મક ટિપ્પણો સાથે ગુજરાતીમાં અવતાર્યો છે તે ખરેખર લેખકનું અભિનંદનીય ને પ્રશસ્ય પ્રદાન છે. આ પૂર્વે તેમણે 'પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' અને 'કાવ્યાનુશાસનનું સંપૂર્ણ અધ્યયન' જેવા માતબર સાહિત્યિક ગ્રંથો આપ્યા છે. પ્રસ્તુત 'અભિનયદર્પણમ્'થી તેઓ નાટ્યક્ષેત્રે ગણનાપાત્ર અર્પણ કરે છે.

'અભિનયદર્પણમ્' એ ભારતીય શાસ્ત્રીય નૃત્યકળાનો અમૂલ્ય ગ્રંથ છે. નૃત્યકારો માટે પાયાની હાથપોથી અને માર્ગદર્શિકા છે. એને ભારતીય નૃત્યશાસ્ત્રનો પાઠ્યગ્રંથ કહી શકાય. એને આધાર બનાવીને જ ભારતનાટ્યમ્ નૃત્યસ્વરૂપના કલાકારો અને આચાર્યો આગળ વધ્યા છે. આ ગ્રંથ ભરતનાટ્યમ્ નૃત્યશૈલીની આધારશિલા છે. તેમાં નૃત્ત તથા નૃત્ય-અભિનયનું સુરેખ વિસ્તૃત નિરૂપણ છે. એટલે જેમ સાહિત્યમીમાંસામાં વિશ્વનાથનું 'સાહિત્યદર્પણ' તેમ નૃત્યશાસ્ત્રમાં નન્દિકેશ્વરનું 'અભિનયદર્પણમ્'. 'અભિનયદર્પણ'નો પ્રભાવ એટલો બધો હતો કે તેમાં નિરૂપિત નૃત્યનિદર્શનની પ્રાચીન પ્રતિમાઓ પણ ઉપલબ્ધ છે. ભરતનું 'નાટ્યશાસ્ત્ર' નાટ્ય અને સાહિત્યને પુરસ્કારે છે, ને નૃત્યને ગૌણરૂપે આલેખે છે. નન્દિકેશ્વરનું 'અભિનય-દર્પણ' એ નાટ્યના અભિનયનો નહિ, નૃત્યના અભિનયનો અપૂર્વ ગ્રંથ છે. એને ગુજરાતીમાં સુભગ સ્વરૂપે અવતારવાનું શ્રેય ડૉ. અમૃત ઉપાધ્યાયને ઘટે છે. એમણે ડૉ. મનમોહન ઘોષની અંગ્રેજી આવૃત્તિને પાયાની ગણીને અન્ય અંગ્રેજી, હિન્દી ને ગુજરાતી આવૃત્તિઓનો સઘન અભ્યાસ-વિનિયોગ કરીને પ્રસ્તુત ગ્રંથ તૈયાર કર્યો છે. એટલું જ નહિ, સુપ્રસિદ્ધ નૃત્યાંગના ને નૃત્ય-અધ્યાપિકા બીજલબહેન હરિયાનાં નૃત્ય-મુદ્રા-નિદર્શનોથી આ ગ્રંથને સચિત્ર ને અધિકૃત બનાવ્યો છે, તે તેની વિશિષ્ટતા છે. 'અભિનયદર્પણ'નું અપૂર્વ નવસર્જન અને પુનર્જાગરણ કર્યું છે, તે વિશેષ અભિનંદનીય છે. તેમણે એમ કરીને નૃત્યકળાના ખજાનાને ગુજરાતી ભાવકો સમક્ષ પ્રત્યક્ષ કર્યો છે.

આ નિમિત્તે તેમણે નૃત્યસિદ્ધાંત અને નાટ્ય-નૃત્ય-કાવ્યશાસ્ત્રની ભારતીય ભવ્ય પરંપરાને પણ આલેખી છે. નન્દિકેશ્વરની સમર્થ નૃત્યશાસ્ત્રી તરીકે પ્રતિષ્ઠા કરી છે. શાસ્ત્રીય નૃત્યકળાના સીમાસ્તંભરૂપ સંસ્કૃત ગ્રંથોનો યુગવાર પરિચય આપ્યો છે, ને સાહિત્ય-નાટ્યના એ સમર્થ ગ્રંથોમાં નિરૂપાયેલાં નૃત્યશાસ્ત્રીય તત્ત્વોને તારવી પુરસ્કાર્યાં છે. આ વિકાસરેખા-આલેખનમાં તેમણે ભરતના 'નાટ્યશાસ્ત્ર', 'વિષ્ણુધર્મોત્તરપુરાણ', 'અભિનવભારતી', નન્દિકેશ્વર-કૃત 'અભિનયદર્પણ' ને 'ભરતાર્ણવ', નારદ-રચિત 'સંગીતમકરન્દ', ધનંજય-કૃત 'દશરૂપક', ભોજરાજનો 'શૃંગારપ્રકાશ' રામચંદ્ર-ગુણચંદ્ર-કૃત 'નાટ્યદર્પણ', સોમેશ્વરકૃત 'માનસોલ્લાસ', સાગરનન્દિરચિત 'નાટકલક્ષણ રત્નકોશ', શારદાતનય-કૃત 'ભાવ-પ્રકાશન', પાર્શ્વદેવ-કૃત 'સંગીતસમયસાર', શાર્ઙ્ગદેવ-કૃત 'સંગીતરત્નાકર', જયસેનાપતિ-કૃત 'નૃત્તરત્નાવલી', વિશ્વનાથ-કૃત 'સાહિત્યદર્પણ', મહારાણા કુંભ-રચિત 'નૃત્યરત્નકોશ', પુંડરીક વિઠ્ઠલ-કૃત 'નર્તનનિર્ણય', ઉપરાંત 'રસકૌમુદી', 'સંગીતદર્પણ', 'સંગીતમકરન્દ', 'શિવરત્નાકર' આદિ ગ્રંથોમાં નિરૂપિત નૃત્યતત્ત્વો પર પ્રકાશ ફેંક્યો છે. તેમનાં અવલોકન ને અભિપ્રાય સંશોધનપૂત છે. 'અભિનયદર્પણ' ને 'ભરતાર્ણવ' વિશે સ્પષ્ટ કહે છે કે બંને ગ્રંથ એક જ લેખકના નથી તેમ એક જ સમયના પણ નથી. 'અભિનયદર્પણ'ની વિશેષતા-અપૂર્વતા દર્શાવતાં કહે છે કે તેમાં નૃત્યની પૂરેપૂરી માવજત થઈ છે, જે સૂચવે છે કે એનો સમય વધારે મોડો છે અને તે વખતે નૃત્યની વિભાવના ધનંજય તથા અભિનવગુપ્તથી આગળ વિકસિત થઈ ચૂકી હતી... વસ્તુતઃ ભારતના શાસ્ત્રીય નૃત્ય વિશેના સંસ્કૃત સાહિત્યમાં 'અભિનયદર્પણ' એક અજોડ સ્થાન ધરાવે છે. આ ગ્રંથ માત્ર નૃત્યલક્ષી મંચનકળા સાથે નિસ્બત ધરાવે છે અને વાચિક અભિનય સિવાયનાં ભરતે દર્શાવેલાં અભિનયનાં સ્વરૂપો સાથે તેને ખાસ નિસ્બત છે. બે હજાર વર્ષમાં બત્રીસ ગ્રંથોમાં નૃત્યની કળાનું નિરૂપણ છે. તેમાં 'અભિનયદર્પણ' જ એક ગ્રંથ છે, જે આંગિકાભિનય પર જ પૂર્ણતઃ પોતાનું નિરૂપણ કેન્દ્રિત કરે છે... 'અભિનયદર્પણ' નૃત્યકળાનો ૩૨૪ શ્લોકનો લઘુગ્રંથ છે. 'આંગિકં ભુવનં યસ્ય' એ શ્લોકથી મંગલાચરણ કરીને ગ્રંથકાર સંક્ષેપમાં નાટ્યની ઉત્પત્તિ, નાટ્ય, નૃત્ત, નૃત્ય, સભા, રંગમંચ, નર્તકી, કિંકિણી, નૃત્યપ્રયોગ, અભિનય, અભિનય-પ્રકારાદિ ૪૦ શ્લોકમાં નિરૂપીને બાકીના બધા શ્લોકોમાં આંગિક અભિનયના વિવિધ પ્રકારો ને પ્રયોગોનું નિરૂપણ કરે છે. અભિનય એ નૃત્યનો પ્રાણ છે.

'અભિનયદર્પણમ્'નો ગુજરાતી અનુવાદ શિષ્ટ અને સરળ ભાષામાં છે. શ્લોકોના ગદ્યાનુવાદ સુગમ છે. હસ્તના અભિનય સચિત્ર સમજાવ્યા છે. ગ્રંથ અભિનય-નિદર્શન-ચિત્રોથી વિભૂષિત છે. ટિપ્પણો આવશ્યકતાનુસાર પર્યાપ્ત છે. તેમાં ગ્રંથશીર્ષક, મંગલાચરણ, નાટ્યોત્પત્તિ, નાટ્યપ્રશંસા, નૃત્ય-પરિભાષા, પ્રયોગ-પ્રસંગ, અભિનય-પ્રકાર, સભારચના, પાત્રલક્ષણ, નર્તકી-ગુણ, કિંકિણી, પૂર્વરંગ પુષ્પાંજલિ, હસ્તમુદ્રાઓ, અંગ, પ્રત્યંગ, ઉપાંગ, શીર્ષ-અભિનય, દૃષ્ટિભેદ, ગ્રીવાભેદ, દશાવતાર, પાદભેદ, ભ્રમરી, પાદચારી, ગતિ વગેરે વિષે ધ્યાનાકર્ષક વિવરણ કર્યું છે. અંતે દર્શાવ્યું છે કે 'અભિનયદર્પણ' એ પ્રયોગલક્ષી ગ્રંથ છે. એનો અભિગમ વ્યવહારુ (practical) છે. એટલે એ ગ્રંથના કર્તાએ 'પાદભેદ' જેવા મહત્ત્વના વિષયની પણ વિસ્તારથી ચર્ચા કરી નથી અને મંડલો, ઉત્પ્લવનો, ભ્રમરીઓ, ચારીઓ તથા ગતિઓના અનેકાનેક (અનંતો) ભેદોપભેદોની શક્યતા દર્શાવીને જ ચર્ચા સમાપ્ત કરી છે. આ ઊણપની પૂર્તિ કરવા માટે ગ્રંથકાર કહે છે કે નાટ્ય અને નૃત્યમાં આ બધા પ્રકારોની તથા તેમના પ્રયોગોની જાણકારી શાસ્ત્રગ્રંથોમાંથી, પરંપરામાંથી તથા મહાપુરુષો-આચાર્યોની મહેરબાનીથી પ્રાપ્ત કરી શકાય છે, બીજી કોઈ રીતે નહિ. આમ સંપાદકે વિશેષતા સાથે મર્યાદા પણ દર્શાવી છે. તેમનો અભ્યાસ અને સમીક્ષા દાદ માંગી લે એવાં છે. સંદર્ભગ્રંથસૂચિ પણ તેમની બહુશ્રુતતાની પ્રતીતિ કરાવે છે.

'અભિનયદર્પણમ્' દ્વારા ડૉ. અમૃત ઉપાધ્યાયે આપણા નવોદિત ને જિજ્ઞાસુ અભ્યાસી નૃત્યકારોને તેમજ સંસ્કૃત કાવ્ય-નાટ્ય-નૃત્યશાસ્ત્રના અધ્યેતાઓને ઉપકૃત કર્યા છે. વયોવૃદ્ધ ને જ્ઞાનવૃદ્ધ ડૉ. ઉપાધ્યાયશ્રી નૃત્યશિક્ષણસંસ્થા-સ્વરૂપ છે. સૈદ્ધાન્તિક તેમજ પ્રાયોગિક રીતે પણ તે એમને માટે નિજાનંદનો વિષય છે, પણ ગુજરાત માટે ગૌરવનો વિષય છે.